| | |
|---|---|
| રજુ તારીખ | ૦૯/૦૧/૨૦૧૪ |
| દાખલ તારીખ | ૦૯/૦૧/૨૦૧૪ |
| ફેંસલ તારીખ | ૧૩/૧૨/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ : ૧૧ માસ : ૧૧ દિન : ૦૪ |

**મહે. લેબર કોર્ટ અમદાવાદ ના એડીશનલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા મુખ્ય ન્યાયાધીશ (એસ.ડી.)**
**શ્રી કે.એન. સરવૈયા સાહેબ સમક્ષ, જી.અમદાવાદ**

ફોજદારી કેસ નં. ૫૧૪૬/૨૦૧૮
આંક–૧૦

**ફરીયાદી** :– **નામદાર સરકાર શ્રી તરફે શ્રી એચ.બી. ત્રિવેદી**
**કારખાના નિરીક્ષક, (ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય અધિકારી), અમદાવાદ**
૩/૫ મો માળ, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.

: વિરૂધ્ધ :

**આરોપી** :– **શ્રી રાજેન્દ્રભાઈ આહુજા – કબજેદાર**
**આર કુમાર સ્પનટેક્ષ પ્રા.લી.**
પ્લોટ નં. ૩૭૦૧, ફેઝ–૪, જીઆઈડીસી વટવા, અમદાવાદ.

**ગુન્હો :– કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૭ એ ૨(એ) ની જોગવાઈના ભંગ બાબત**

**હાજર રહયા :–** ફરીયાદી તરફે : જાતે
આરોપી તરફે : વિ. વ. શ્રી બી. ડી. ઠકકર

**–: ચુકાદો :–**

**(૧)** આ કામના ફરીયાદી કારખાના નિરીક્ષક, અમદાવાદ નાઓએ હાલની ફરીયાદ રજુ કરતાં જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે અને ત્યારબાદ આ કામે ફરીયાદી હાજર થતા તેમજ નામદાર સુપ્રિમ કોર્ટની સમયમર્યાદા બાબતે ની ગાઈડલાઈન્સ ધ્યાને લેતા તેમજ ઉપરોકત કેસની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૧૦ (૧) (એ) મુજબ ફરીયાદીએ રજૂ કરતા અત્રેની કોર્ટ ધ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ (૧) (એ) વંચાણે લઈને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૭ મુજબ ફરીયાદ માં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરીયાદની હકીકત જોવામાં આવે તો, ફરીયાદી ફેકટરી એકટની કલમ ૮ મુજબ નિરીક્ષક તરીકે નિમાયેલા છે. તેઓએ આરોપીના કારખાનાની મુલાકાત લઈ તપાસ કરતા જાણવા મળેલ કે, **કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૭ એ ૨(એ)** ની જોગવાઈનો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ ૯૨ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીગમાં હાજર

થયેલ. જેથી તેઓને ફરીયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપી વતી ઓથોરીટી આપનારે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ અન્વયે રજૂ કરેલ છે. તેઓએ આરોપી વતી ઓથોરીટી આપનારે ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ છતાં આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) તેઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહીં તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે .

(૪) આ તબકકે ***નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ માં એન. રામૈયા વિરુધ્ધ સ્ટેટનો*** ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપી વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૭ એ ૨(એ)** ની જોગવાઈના ભંગ બદલ કારખાના ધારાની **કલમ ૯૨** મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર, ગુજરનાર કામદારના વારસોને ચુકવેલ વળતર અંગેના દસ્તાવેજો વિગેરે લેતા તેમજ ખાસ સવિશેષ ***નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નંબર. ૭૦૯*** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ મુજબ **કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૭ એ ૨(એ)** ની જોગવાઈના ભંગ બદલ કારખાના ધારા ૧૯૪૮ ની **કલમ ૯૨** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામા આવે છે અને તેઓને નિયમ ભંગ બદલ **રૂા. ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી જીજ્ઞેશ નવીનચંદ્ર પટેલ** ને સદર દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી જીજ્ઞેશ નવીનચંદ્ર પટેલ** સદર દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ઉપર મુજબના નિયમની ક્ષતિનીપુર્તતા કરી દિનઃ૩૦ માં સબંધિત કચેરીને જાણ કરવી.

(૪) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ – લોક અદાલત દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩/૧૨/૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

**(કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા)**
**જજ કોડ : જીજે૦૦૯૬૬**
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
મુખ્ય ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ નં. ૧, અમદાવાદ.